# પાલનપુર-ડીસામાં દશેરાએ રાવણ દહનની ઉજવણી થશે

**મથુરાના મુસ્લિમ પરિવારના કારીગરો એ એક માસમાં રાવણ સહીત કુંભકર્ણ, મેઘનાથને બનાવવાની કામગીરી પૂરી કરી : આ વખતે વરસાદના લીધે રાવણ પર પાણી ફરી વળતા મથુરાના કારીગરો ને ૮૦ હજારનું નુકશાન સહન કરવું પડયું**

પાલનપુર, તા.૮

માં અંબા ના શકિત અને આરાધના નો પર્વ એટલે નવરાત્રી



મહોત્સવની ઉજવણી નવ દિવસ સુધી પરી થયા બાદ દેશ ભરમાં રાવણ દહનના કાર્યકમની શાનદાર ઉજવણી કરવામાં આવે છે ત્યારે બનાસકાંઠા જીલ્લામાં પણ જીલ્લા મથક પાલનપુર અને વેપારી મથક ડીસામાં પણ રાવણ દહનના ભવ્ય કાર્યકમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૫ વર્ષથી ઉત્તર પ્રદેશના મથુરાના મુસ્લિમ પરિવાર દ્વારા પાલનપુર માં રાવણ તેમજ કુંભકર્ણ, મેઘનાથને બનાવવાની કામગીરી કરવામાં આવે છે હાલમાં પાલનપુર ગોબરી રોડ પર આવેલ ઠાકોર સમાજ ના છાત્રાલય ખાતે રાવણ તૈયાર કરવાની કામગીરી પૂણ કરવામાં આવી છે. ખાસ કરીને મથુરાના મુસ્લિમ કારીગરો દ્વારા લાકડાના વાસ અને ચળકાટ ધરવતા રંગબેરંગી કાગળ ને ચોંટાડીને તેમજ રંગબેરંગી આતશબાજી ફટાકડાથી રાવણ સજ્જ કરવામાં આવે છે પાલનપુરમાં શહેર કલા સમિતિ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી રાવણ દહનનો ભવ્ય કાર્યકમ શહેરના રામલીલા મેદાન ખાતે શહેરમાં ભવ્ય શોભાયાત્રા નીકળ્યા બાદ શહેરના રામલીલા મેદાન ખાતે યોજાશે.

જયારે જીલ્લા વેપારી મથક અને ધાર્મિક નગરી તરીકે ગણાતું ડીસા શહેરમાં શ્રી રામ સેવા સમિતિ દ્વારા ચોથા વર્ષે પણ રાવણ દહનનું ભવ્ય આયોજન હવાઈ પીલ્લર રામલીલા મેદાન ખાતે યોજાશે.



અંદાજીત ૬૧ ફૂટ ના રાવણ દહન વખતે રંગબેરંગી આતશબાજી નો અનોખો અને અદભુત નજારો પણ આ વખતે જોવા મળશે. જો કે આ વખતે નવરાત્રી દરમિયાન પડેલા વરસાદના લીધે તૈયાર કરેલ રાવણ સહીત કુંભકર્ણ, મેઘનાથ પર વરસાદી પાણી ફરી વળતા એક મહિનાથી એક જ પરિવાર ના ૧૫ સદસ્યોની એક મહિનાની મહેનત પણ પાણીમાં જતી રહી છે અને અંદાજિત ૮૦ હજારથી વધુનું નુકશાન થયું છે.

## બનાસકાંઠાની આરટીઓ ચેકપોસ્ટ પર વાહન વ્યવહાર મંત્રીની ઓચિંતી મુલાકાત

પાલનપુર, તા.૮

બનાસકાંઠા જિલ્લાની આર.ટી.ઓ ચેક પોસ્ટ પર ગતરોજ રાજયના વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ ઓચિંતી મુલાકત લીધી હતી અને આરટીઓ ચેકપોસ્ટની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું બાદમાં ગત સાંજે જિલ્લા કામગીરીની પણ સમીક્ષા કરી હતી છેલ્લા કેટલાય સમય ચાલતા સદભાવના ગ્રુપ દ્વારા શાળાના બાળકોને કાચા લાયસન્સ આપવાની કામગીરીને વાહનવ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ બિરદાવી હતી અને તેમના હસ્તે પણ શાળાના બાળકોને



મથક અંબાજી હાઈવે પર આવેલ જિલ્લાની મુખ્ય આર.ટી.ઓ. કચેરીએ રાજયના વાહનવ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા આવી પહોંચ્યા હતા જયાં ઈન્ચાર્જ આરટીઓ અધિકારી જે. બી. દેસાઈએ બુકે આપી સ્વાગત કર્યુ હતું. મંત્રીએ જિલ્લાની મુખ્ય આરટીઓ કચેરીમાં થતી કાચા લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. રાજયના વાહન વ્યવહારમંત્રી વલ્લભભાઈ કાકડીયાએ જણાવ્યું હતું રાજયમાં શાળાઓના બાળકોને કોઈ હેરાનગતિ વગર કાચા લાયસન્સ આપવામાં બનાસકાંઠા જિલ્લો પ્રથમ છે અને હવે ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં આ નવતર અભિગમ થશે.

## શામળાજી હાઈવે પર ભેટાલી ઘાંટા પાસે અકસ્માત

ભિલોડા, તા. ૮

ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર ભેટાલી ગામના ઘાંટા પાસે ટ્રેક્ટર-ટ્રોલી અને ઈકો કાર સામ-સામે ધડાકાભેર ટકરાતાં અકસ્માત સર્જાયો. ભિલોડા પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મહિસાગર જિલ્લાના લુણાવાડા ગામના ૨૫ થી ૩૦



મુસાફરો ટ્રેક્ટર નં. જી.જે.૧૭.એ.ઈ.૧૮૭૫ના ચાલક તા. ૭-૧૦-૨૬ના રોજ રાત્રે ૧૦ વાગ્યાના સુમારે અંબાજીથી દર્શન કરી પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન ભિલોડા તાલુકાના ભેટાલી ગામના ઘાંટા પાસે ઈકો કાર નં. જીજે.૩૧-એ.૩૨૪૬ સાથે ધડાકાભેર ટકરાતા ઈકો ચાલક ધરમસિંહ દિનેશભાઈ કોટવાળ આ. ઉં.વ. ૨૭, મહેન્દ્રભાઈ સાંજાજી કટારા, આ.ઉં.વ. ૩૨ને ગંભીર રીતે ઈજાઓ પહોંચતા પ્રાથમીક સારવાર માટે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયારે ટ્રેક્ટરમાં સવાર એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જયારે ટ્રેક્ટરમાં સવાર અન્ય ૩૦ જેટલા મુસાફરોનો ચમત્કારીક બચાવ થયો હોવાનું જાણવા મળેલ છે.



**મોડાસાની નવરાત્રીના ગરબા મેદાનોમાં અબાલ, વૃદ્ધ, ખેલૈયાઓ સૌ કોઈ ઝૂમી ઉઠ્યા**

અરવલ્લી જિલ્લામાં સતત વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદે વિરામ લેતા અરવલ્લી જિલ્લા તેમજ મુખ્યમથક મોડાસા શહેરના ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ, અબાલ વૃદ્ધ સૌ કોઈ મનમુકીને ગરબા રમ્યા હતા. ગરબા ગ્રાઉન્ડમાં યુવક અને યુવતિઓ ટ્રેડીશનલ ડ્રેસમાં રંગ જમાવ્યો હતો. કલ્યાણચોકમાં સોસાયટી નગર વિકાસ મંડળના સભ્યો નવરાત્રી પર્વમાં ગરબે રમી મા આદ્યશક્તિ જગદંબાના આરાધના કરી હતી. મોડાસા શહેરના તમામ ગરબા મેદાનોમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

## કમઠાડીયા ગામ પાસે હાથમતી નદી ઉપર બ્રીજ બનાવવા પ્રબળ લોકમાંગણી

ભિલોડા.તા.૮

ભિલોડા તાલુકાના કમઠાડીયા ગામ પાસેથી પસાર થતી હાથમતી નદી ઉપર બ્રીજ બનાવવા પ્રબળ લોકમાંગણી ઉઠવા પામી છે. કમઠાડીયા ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનભાઈ તબીયાર ભરાવતા પશુપાલકો, ગ્રામજનોને અવર-જવર કરવામાં ભારે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવે છે. કમઠાડીયા ગામની એક મહિલા કમુબેન સુરજીભાઈ મોડીયા, આશરે ઉંમર. વર્ષ-૬૦નું અવસાન થયેલ હતું ત્યારે પાછોતરા વરસાદના કારણે હાથમતી નદીમાં પાણી વહેતું હોય ડાઘુઓને નનામી સ્મશાન સુધી હાથમતી નદીમાંથી પસાર થઈ લઈ જવામાં ભારે મુશ્કેલીઓ સર્જાઈ હતી.



કમઠાડીયા ગામના ઈન્દુબેન ભાવિનભાઈ તબીયાર સહિત જાગૃત ગ્રામજનોએ લાગતા-વળગતા વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ અને ગુજરાત રાજય સરકારમાં ઉચ્ચ કક્ષાએ વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરી હોવા છતાં આજ દિન સુધી કમઠાડીયા ગામ અને મઠ, બોલુન્દ્રા ગામને જોડતો હાથમતી નદી ઉપર બ્રીજ સત્વરે નહી બનાવવામાં આવે તો ઉગ્ર આંદોલનના ભણકારા વાગી રહ્યા છે.

સહિત જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ મઠ અને કમઠાડીયા ગામ વચ્ચેથી હાથમતી નદી પસાર થાય છે જયારે હાથમતી નદીમાં પાણી વહેતું હોય ત્યારે શાળાના વિદ્યાર્થીઓ, દુધ

## આજે પ્રાંતિજના બ્રહ્માણી માતાના ચોકમાં પલ્લી મેળો ભરાશે

**પાંડવોના સમયથી ચાલી આવતી પ્રથા આજે પણ પલ્લીમેળો ભરાય છે : ગુજરાતમાં બે જગ્યાએ પલ્લી ભરાય છે જેમાં ગાંધીનગર રૂપાલ ખાતે અને સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે**

પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વર્ષોથી રાત્રીના સમયે પલ્લીનો મેળો ભરાય છે જેમાં આજે પ્રાંતિજના બ્રહ્માણી માતાના મંદિરે પલ્લી મેળો ભરાશે જેમાં હજારોની સંખ્યામાં માઈભકતો ઉમટી પડશે અને પલ્લીના દર્શન કરી ધન્યતા અનુભવશે અને જય અંબે...ના ઘોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજીશે.



બ્રહ્માણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર એવી વ્યવસ્થા કરવામાં આવી છે મંદિર તરફથી કોઈ પણ જાતની માઈ ભકતોને કષ્ટના પડે તેની ઝીણવટ ભરી દેખરેખ રાખવામાં આવી છે ભકતો દ્વારા પલ્લીમાં માંગેલ બાધા પૂર્ણ કરવા માટે ઘી ચડાવવા માટે મંદિરમાં મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવેલ છે.

જયારે નર્મદા નદીના ચાણોદથી લઈને સાબરમતીના ઉત્તર ભાગને નૈમેષારણ્ય તરીકે ઓળખવામાં આવતું હતું જેથી પાંડવોએ અજ્ઞાત વાસ દરમ્યાન શસ્ત્રો આ ઘાઢ જંગલોમાં ખીજડાના ઝાડ ઉપર સંતાડયાં હતાં. અજ્ઞાતવાસ પછી જયારે તેઓ પાછાં ફર્યા ત્યારે તેમનાં શસ્ત્રો સલામત પાછાં મળ્યા તે સ્થાન રૂપાવટી નગરી એટલે કે હાલનું રૂપાલ ગામ અને માતાજીએ તેમને વિજયી થયાનું વરદાન આપ્યું તેથી રૂપાલનાં વરદાયિની કહેવામાં બીજા શાસ્ત્રો સાબરમતીના જંગલમાંથી પ્રાપ્ત થયા તે સ્થાનને પાંડવોએ પ્રાપ્તિપુરી નગરી વસાવી તેનું અપભ્રંશ થતાં પ્રાંતિજ નગર બન્યું.

પ્રાંતિજ નાની ભાગોળ પટેલવાસ માં સૌ પહેલાં રાજપૂતો અને નાગર બ્રાહ્મણો રહેતા હતાં માતાજી રાજપૂતના ઘરે કુંવારીકા રૂપે જન્મ્યાં હતાં. તેમના પિતાએ ઓજલના રીવાજને લઈ નવરાત્રીમાં ગરબે રમવા ના જવા દેતા તેવોને માઠું લાગી આવતા હાઈવે ઉપર આવેલ માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર રામદ્રારા નજીક વાવમાં પડતું મુક્યુ હતુ ત્યારબાદ રાજપૂતોએ વાવમાં તપાસ કરતાં ફકત થોડા ફુલો જ હાથ લાગ્યા હતાં.જયારે હાલ પલ્લી પટેલવાસ માં આવેલો છે ત્યાં પહેલાં રાજપૂતોની વસ્તી હતી એટલે માઢ પાસે આજે પણ રાજપૂતોની સ્ત્રીઓ ને દર્શન કરાવવાનો રીવાજ આજેય છે જો કે આજે એક પણ રાજપૂત સમાજ નું ઘર કે કુટુંબ આવેલ નથી પણ વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ જળવાઈ રહી છે અને માઢ સુધી પલ્લી યાત્રા લઈ જવામાં આવે છે અને પછી મંદિરથી એક કિલોમીટર દુર રાવળ વિસ્તારની બાજુમાં આવેલ એક ખેતરમાં ઠંડી પાડવામાં આવે છે.

## પ્રાંતિજમાં શાળાઓ આગળ જીવલેણ ૧૫ ફુટની કુંડીઓ

**રોજના હજારો છોકરાઓ અવર- જવર કરે છે કોઈનો લાડકવાયો ભોગ બને તો નવાઇ નહી : તંત્રનું રેઢીયાળ ખાતું છતા તંત્ર ઘોર નિંદ્રામાં**

પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ વિસ્તારમાં તાલુકા પંચાયત, અવરઓન હાઈસ્કુલ, લાલબોડીગ, જૈનબોડીગ, નાની અવર-જવર કરે છે ત્યારે કોઈનો લાડકવાયો કે પશુ આમાં પડે તો નવાઈ નહિ ત્યારે જેની જવાબદારી



સ્કુલો આગળ ૧૫ ફુટની કુંડીઓ વગર ઢાંકણે ખુલ્લી છે અને કુંડીઓ પાસેથી રોજના હજારો ની સંખ્યામાં બાળકો અવર જવર કરે છે ત્યારે કોઈનો લાડકવાયો ભોગ બને તો નવાઈ નહી.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન અવરઓન વગેરે જગ્યાએ ૧૫ ફુટની કુંડીઓ ઉપર ઢાંકણા છે જ નહી અને આજુબાજુ ઘાસ ઉગી ગયું છે ત્યારે અજાણ્યા વ્યક્તિ કે કોઈને ખબર ના પડે તેમ છે. ત્યારે રોજનાં અહીંથી એક હજારથી પણ વધારે બાળકો શાળાએ જતા છે તે તંત્ર હાલતો ઘેર નિદ્રામાં હોય તેવુ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે ત્યારે આળસ ખંખેરી ને ઢાંકણા કયારે નંખાશે અને ઢાંકણા નાખવામાં નહિ આવે તો કોઈ જીવલેણ ઘટના બને તો નવાઈ નહી.

## કૃભકો દ્વારા મોડાસામાં પ્રવાહી જૈવિક ખાતર સેમિનાર યોજાયો

કૃભકો દ્વારા પ્રવાહી જૈવિક ખાતરનો સેમિનાર સાબરકાંઠા બેંકના ચેરમેનના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે વિવિધ સહકારી મંડળીઓના ચેરમેન સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.





સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલ પોલીસ હેડ કવાર્ટસ ખાતે સુરક્ષા સેતુ સાબરકાંઠા આયોજિત સુરક્ષા રંગતાળી ૨૦૧૬માં શુક્રવારે રાત્રે છેલ્લો દિવસ ફિલ્મથી પ્રખ્યાત બનેલા કલાકાર મલ્હાર ટીમ સાથે આવ્યા હતા અને ઉપસ્થિત ખેલૈયાઓને આગામી દિવસોમાં રીલીઝ થનાર પાસપોર્ટ ફિલ્મની વાત કરી હતી બે ગીત પણ સંભળાવ્યા હતા અને ફિલ્મ નિહાળવાની પણ વાત કરી હતી. ખેલૈયાઓથી ખીચોખીચ ભરેલ મેદાનથી મલ્હારે પોતાનો રાગ આલાપ્યો હતો કે પાસપોર્ટ સાથે બે હિન્દી ફિલ્મ પણ રીલીઝ થનારી છે પણ આપણે તો માત્ર એક જ પાસપોર્ટ જ એમ કહી પોતાની ફિલ્મનો પ્રચાર કર્યો હતો તો મંચ પર મલ્હાર અને બીજી તરફ મેદાનમાં ખેલૈયાઓ મોબાઈલમાં મલ્હારની એક ઝલક કંડારી લીધી હતી.